કાન્તિ ભટ્ટ

## સંકટમાંથી પણ આનંદ મેળવવો જોઇએ

To be brave in misfortune is to be worthy of manhood. To be wise I misfortune is to be conquer fate

- Agnes Repplier

ગામડામાં અમે ખૂબ વરસાદ આવે ત્યારે ખુશ થઇને બોલી ઊઠતા કે આવ મહારાજ આવ. એ પછી વરસાદની હેલી ચડે ત્યારે ખેડૂતો પણ બોલી ઊઠે કે ખમૈયા કરો મહારાજ ખમૈયા કરો. ભારત ખેતીપ્રધાન દેશ હતો અને આજેય ૬૫ ટકા વસ્તી ખેતી પર નભે છે. વરસાદ અને એનાં જળ વગર શહેરના લોકોનેય ચાલે નહીં. મુંબઇમાં ભારે વરસાદ થયો તે પહેલાં જબ્બર પાણીકાપ આવવાનો હતો ત્યારે મુંબઇગરા ત્રાસી ગયેલા; ખૂબ વરસાદ પડે ત્યારે ધનિકો વરસાદને ગાળો આપવા લાગે છે. અંગ્રેજી અખબારોએ 'રેઇન ક્રીએટ્સ હૅવોક', રેઇન ઇજ હેલ' એવાં બિહામણાં મથાળા છાપ્યાં હતાં. ગામડામાં કોઇ વરસાદને ગાળો નથી દેતું. મુંબઇની ઝૂંપડપટ્ટીની નવયૌવના છોકરીઓ પણ ખૂશીથી વરસાદમાં પલળવા માટે બહાર નીકળીને જુવાનીનો મસ્ત રંગ પીતી હતી. ૭૩ વર્ષ પહેલાં ઇટાલિયન પાદરી એગ્નેસે કહેલું કે માનવીએ કમનસીબીમાં બહાદૂર બનીને પોતે પુરુષાતન ધરાવે છે એ પુરવાર કરવું જોઇએ. સંકટમાં જે માનવી ડાહ્યો બને તે જ જિંદગીને જીતી શકે. શહેરના લોકોને તમામ વસ્તુ અનુકૂળ જોઇએ છે. પરિચય, પરિણય અને પ્રત્યેક પ્રવૃતિમાં ઘાટ ઘડેલી પરિસ્થિતિ જોઇએ છે. પરિણયમાં દુ:ખ પણ હોય છે. મુંબઇમાં મેં વિચિત્ર વર્તન જોયું. ગામડાં અમે મહુવા જેવા નાનાં શહેરોમાં જ્યારે અતિવર્ષા થાય ત્યારે પણ ગરીબોના ઝૂંપડા ડૂબતાં હતાં; પણ જૈન મહાજનો અને ગ્રામજનો ધર્મશાળામાં, જૈન દેરાસરોમાં કે ઉપાશ્રયોમાં ગરીબ લોકોને રોટલો અને ઓટલો આપતા. મારા ૧૫૦૦ની વસ્તીવાળા ગામમાં બે ધર્મશાળા હતી. અહીં મુંબઇમાં ૧,૫૦,૦૦૦ની દરેક વસ્તીમાં એક ધર્મશાળા પણ નથી. કમનસીબીની વાત એ છે કે પાણીથી જે લોકોનાં ઘરો ભરાયેલાં હતાં તેમના આશરા માટે કોઇએ સામૂહિક આયોજન પણ કર્યું નહોતું.

જો માનવીની સંપત્તિ અને સમૃદ્ધિ તેને સ્વાર્થી અને આપમતલબી બનાવતી હોય તો એવી સમૃદ્ધિથી ભારતે ડરવા જેવું છે. ઉંચો, પહોળી છાતી, ગોરો રૂપાળો અને ખૂબ કમાતો, ગાડીવાળો, ફ્લેટવાળો મુરતિયો અગર તો મધ્યમ કાઠાની સુંદર, ગોરી કમ્પ્યૂટર ભણેલી કમાઇ શકે એવી આજ્ઞાંકિત, નરમ સ્વભાવવાળી કન્યા-આવાં ૧૦૦ ટકા ગુણોવાળાં મુરતિયા-કન્યા આપણને ખપે છે. આપણે કોઇ જ ખામી સ્વીકારવા તૈયાર નથી. શું માનવી પૂર્ણ રીતે પૂર્ણ છે ? પૂર્ણ તો માત્ર ઈશ્વર જ છે. જે ઈશ્વરને પામવા આપણે પૂર્ણ બનવાનું છે એ પૂર્ણતા ક્યારે મેળવાય ? એ ઈશ્વરે રચેલી સૃષ્ટિ જેવી છે એવી સ્વીકારીને ઈશ્વરના સર્જનમાં આનંદ લેનાર અને ઈશ્વરના તમામ સર્જનનું જતન કરનાર જ પૂર્ણ બને છે.

આજે અમેરિકાને પગલે-પગલે આપણે ધનને જ સર્વસ્વ માનીએ છીએ. હું અમેરિકાનાં અખબારો વાંચું છું અથવા અમેરિકાના વિદ્વાનોને મળું છું ત્યારે જણાય છે કે આપના કરતાં એ લોકો કુદરતને વધુ પ્રેમ કરે છે. અમેરિકાના ટેક્સાસ પ્રાંત અને ફલોરિડામાં લોકોને જળસંકટનો અનુભવ છે. પાણી વિશે એ લોકો ખૂબ પુસ્તકો છાપે છ.

આપણે મેઘ માટે યજ્ઞ કરતા, મેઘને વિનવણી કરતા. રાજા પણ મહેલમાંથી બહાર આવતો. ઘણી વખત રાજાએ યજ્ઞમાં આહુતિ આપવી પડતી. મુંબઇના વરસાદના સંકટમાંથી આપણે શીખવું જોઇએ કે જનગણમન અધિનાયકની જય બોલાવતી વખતે મેઘજળને હંમેશાં વધાવવાં જોઇએ. એનાથી સંકટ આવે તેને મદદ કરવી જોઇએ. એવું જ પ્રીતનું છે. પ્રીતમાં દુ:ખ છે. પ્રીતમાં પીડા ભોગવનારાના ઠઠ્ઠો ન ઉડાવતાં તેને સહાનુભૂતિ આપીએ.

પ્રેક્ટિકલ શિખામણ: હ્યુસિટિનિયા નામનું આખું શહેર જળપ્રલયમાં ડૂબી ગયેલું. એના ફ્રીલાન્સ પત્રકાર આલ્બર્ટ હેવાર્ડે કહેલું કે વન કૅન બેર ગ્રીફ. બટ ઇટ ટેક્સ ટૂ ટૂ બી ગ્લેડ (અર્થાત્ સંકટ તો માણસ એકલો સહન કરે, પણ તમારે ખુશી ભોગવવી હોય તો બે જણ જોઇએ. એટલે તમારે સંકટમાં પણ બીજાને કામ આવવું જોઇએ).